ગાંધીનગર સમાચાર

**મહત્તમ : ૩૦.૦ ડીગ્રી**
**લઘુતમ : ૯.૩ ડીગ્રી**
**ભેજ**
**સવારે ૮૧ ટકા ● સાંજે ૬૦ ટકા**

**ગાંધીનગર તાપમાન**

# ‘નો પાર્કિંગ’માં ઝોનમાં મુકેલા વાહનો પર તવાઈ

## મહાત્મા મંદિર અને એક્ઝિબિશન સેન્ટર આસપાસ આડેધડ મુકેલા ૮૦ વાહનો ટોઈંગ કરી લેવાયા : બંદોબસ્તમાં આવેલી પોલીસે ‘નો પાર્કિંગ’માં મુકેલા વાહનો પણ ટો કરાયા

ગાંધીનગર, તા. ૧૬

વાઈબ્રન્ટ સમિટને પગલે પાટનગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે તેની સાથોસાથ ટ્રાફિક મામલે અવ્યવસ્થા ન સર્જાય તે માટે ટ્રાફિક પોલીસને વિશે જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા કલેકટરે શહેરના કેટલાક માર્ગોને નો પાર્કિંગ ઝોન જાહેર કરી દીધા છે ત્યારે આજથી જ ટ્રાફિક પોલીસ દ્વારા ‘નો પાર્કિંગ’માં પાર્ક કરેલા વાહનોને ટોઈંગ કરવાની કામગીરી પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લા ટ્રાફિક પોલીસે ટોઈંગ શરૂ કર્યાનાં પ્રથમ દિવસે જ મહાત્મા મંદિર અને એકિઝબિશન સેન્ટર ની આસપાસ આડેધડ પાર્ક કરેલા વાહનો ક્રેઈન મારફતે ઉઠાવી લીધા છે. નોંધનીય બાબત એ છે કે બંદોબસ્તમાં આવેલી પોલીસે પણ આડેધડ વાહનો પાર્ક કર્યા હતા. જેને ગંભીરતાથી લઈને તેમના વાહનોને પણ આજે ટોઈંગ કરી લેવામાં આવ્યા હતા.



ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની કડક સૂચનાને પગલે આજથી પાટનગરમાં આડેધડ પાર્કિંગ કરીને ટ્રાફિકને અડચણ ઊભી કરનાર વાહનચાલકો સામે કડક કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટને પગલે જિલ્લા કલેકટરે ‘નો પાર્કિંગ’ ઝોન જાહેર કરતાં જાહેરનામા પ્રસિધ્ધ કરી દીધા છે. આજથી ટ્રાફિક પોલીસની અલગ અલગ ટીમો દ્વારા ૨૦ ટોઈંગ ક્રેઈન શહેરમાં ફરતી કરી દેવામાં આવી છે. આડેધડ પાર્ક કરવામાં આવેલા વાહનો ટોઈંગ કરવા માટે ટ્રાફિક પોલીસની અલગ અલગ ટીમો મેદાને ઉતરી છે ત્યારે આજે પ્રથમ દિવસે વાઈબ્રન્ટ સમિટ યોજાવાનું છે તે મહાત્મા મંદિર અને એક્ઝિબિશન સેન્ટર બન્ને વિસ્તારની આસપાસના રસ્તાઓ પર ટોઈંગ ક્રેન દોડતી કરવામાં આવી હતી. આજે પ્રથમ દિવસે ટ્રાફિક પોલીસે ૫૫ જેટલા ટુ-વ્હીલર અને ૨૫ થી વધુ ફોર-વ્હિલર ટોઈંગ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ટ્રાફિક પોલીસે આજે પ્રથમ દિવસે ટોઈંગ કરેલા ૮૦થી વધુ વાહનોમાં પોલીસે આડેધડ પાર્ક કરેલા વાહનો નો પણ સમાવેશ થાય છે. વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થાય ત્યાં સુધી ગાંધીનગર ટ્રાફિક શાખાની ૨૦ ક્રેઈન અને આરટીઓની ૨૦ ક્રેઈન મળીને કુલ ૪૦ ક્રેઈન પાટનગરમાં દોડતી કરવામાં આવશે અને આડેધડ વાહન પાર્કિંગ કરીને ટ્રાફિકની સમસ્યા ઉભી કરતા વાહનોને ટો કરીને વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવાની કામગીરી સઘન બનાવવામાં આવશે.

# વાઈબ્રન્ટ સમિટના પહેલા દિવસે કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રગટ કરશે

## કર્મચારીઓના પડતર પ્રશ્ને સરકારની ઉદાસીનતાના પગલે વિરોધ! વાઈબ્રન્ટ દરમિયાન કર્મચારીઓની હિલચાલ પર પોલીસની ચાંપતી નજર રહેશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૯નો માહોલ જામી ચુકયો છે અને આવતીકાલે વડાપ્રધાન પધારી ગ્લોબલ ટ્રેડ શૉનું ઉદઘાટન કરશે. બીજી તરફ તા. ૧૮મી જાન્યુઆરી શુક્રવારે ગુજરાત રાજય કર્મચારી સમિતિને સંલગ્ન મહાસંઘ તથા મહામંડળો દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોના સંદર્ભે સરકારની ઉદાસીનતાના વિરોધમાં ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રગટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. કર્મચારીઓની હિલચાલ પર પોલીસ તંત્ર કડક નજર રાખશે.

રાજયના કર્મચારી મહાસંઘો તથા મહામંડળોની સંકલન સમિતિની એક બેઠક તા. ૧લી જાન્યુઆરીએ ગાંધીનગરના સે-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાઈ હતી. જેમાં તમામ હોદ્દેદારોએ ભારે આક્રોશ વ્યકત કર્યો હતો. આ બેઠકમાં સર્વાનુમતે સમિતિના દક્ષિણ મધ્ય ગુજરાત ઝોનની રેલી અને સભાનું તા. ૧૮મી જાન્યુઆરીએ વડોદરા ખાતે યોજવાનું ઠરાવવામાં આવ્યું હતું. હવે આ કાર્યક્રમમાં ફેરફાર કરી વડોદરા ખાતે રેલી તથા સભા તા. ૨૯મી જાન્યુઆરીના રોજ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જો કે આ સાથે સમિતિ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો દ્વારા સરકાર હકારાત્મક વલણ નહીં દાખવે તો વાઈબ્રન્ટ સમિટ દરમિયાન વિરોધ પ્રગટ કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે જેને અનુલક્ષીને તા. ૧૮મી જાન્યુઆરીએ કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રગટ કરશે. બીજી તરફ ગાંધીનગર એલઆઈબી દ્વારા વાઈબ્રન્ટ સમિટ દરમિયાન કર્મચારી સંકલન સમિતિ દ્વારા કોઈ જાહેર વિરોધ પ્રદર્શન યોજવામાં ના આવે તેની તકેદારી રાખવા કર્મચારીઓ પર નજર રાખવાના આદેશ કરવામાં આવ્યા છે. તેમજ બંદોબસ્તને વધુ સઘન બનાવવામાં આવ્યા છે જેથી કોઈ અનિચ્છનીય બનાવ બનતા અટકાવી શકાય.

# આર.જી. પટેલ કન્યા શાળાની એન.એસ.એસ. યુનીટ દ્વારા પતંગ દોરીનો નાશ કરાયો



શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા, શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા સેકટર-૨૩ દ્વારા ઉત્તરાયણ નિમિત્તે ઠેર ઠેર ભરાઈ ગયેલા પતંગ દોરીનો એન.એસ.એસ.ની ટીમ દ્વારા સેકટર-૨૩, ૨૪ના વિસ્તારમાંથી નાશ કરાયો હતો. આ કાર્યમાં ૫૦ વિદ્યાર્થીઓની ટીમ જોડાઈ હતી. આ કાર્ય કરવાથી નાના બાળકો, પક્ષીઓને જે તકલીફ પડે તે દુર કરવામાં આવી હતી. આચાર્ય ગીતેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સુપરવાઈઝરશ્રી અને એન.એસ.એસ.ના કન્વીનર રમેશભાઈ જી. પટેલે આ કામગીરી કરી હતી.

# સે-૪ બગીચા ખાતે આર્યુવેદિક કેમ્પનું આયોજન

બ્રહ્મ સમાજ મહિલા પાંખ ગાંધીનગર દ્વારા દૈનિક જીવનમાં આર્યુવેદિક શારીરીક સ્વાસ્થય અને જાગૃતિ અંતર્ગત કચ્છના નાડી વૈધ અતુલભાઈ દવેના કાર્યક્રમનું આયોજન તા.૧૯ જાન્યુઆરીને શનિવારના રોજ બપોરે ૪ થી ૬ કલાક દરમિયાન સેકટર-૪ ના બગીચા ખાતે કરવામાં આવ્યું છે. નાડી પરિક્ષણ માટે માટે સવારે ૮ થી ૧૨ માં નરણા કોઠે (ભુખ્યા પેટે) આવવાનું રહેશે. નાડી પરિક્ષણ ટોકન ચાર્જથી કરવામાં આવશે. નોંધણી માટે નીતાબેન પંચાલ, તેમજ કું.અંજના ગોર મો. ૯૪૨૮૬ ૧૪૪૮૨ પર સંપર્ક કરવાનો રહેશે તેમ સંસ્થાના પ્રમુખ ચંદ્રિકાબેન એ. રાવલ, અને મહામંત્રી જ્ઞાનદેવીબેન પી.ઉપાધ્યાયએ જણાવ્યું છે.

## વાઈબ્રન્ટના બંદોબસ્તમાં તૈનાત

# પોલીસ માટે દરરોજ એક અલગ સ્વીટ સાથેનું ડિલિશિયસ ફૂડ પેકેટ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૧૬

વાઈબ્રન્ટ સમિટના બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવેલા પાંચ હજાર જેટલા પોલીસ કર્મચારી અધિકારીઓ માટે દરરોજ એક અલગ-અલગ સ્વીટ સાથેનું ડિલિશિયસ ફૂડ પેકેટ કરીને તેમના બંદોબસ્તના સ્થળે પહોંચાડવાનું આયોજન પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. પોલીસને જે ફૂડ પેકેટ આપવા માટે મેનુ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે તેમાં દરરોજ એક સ્વીટ ઉપરાંત કાઠીયાવાડી, પંજાબી અને ગુજરાતી પૈકી બે સબ્જી, ગ્રીન સલાડ, પાપડ અને મુખવાસ ઉપરાંત તવા રોટી-પુરી અથવા પરોઠા અને ખીચડી-કઢી અથવા જીરા રાઈસ-દાલ ફ્રાયનો સમાવેશ ફૂડ પેકેટ માં કરવામાં આવનાર છે. ફિક્સ ફૂડ પેકેટની સાથોસાથ દરેક પોલીસ કર્મચારીને પાણીની બોટલ, મુખવાસ અને પેપર નેપકીન પણ આપવામાં આવશે. નોંધનીય બાબત એ છે કે ફૂડની ક્વોલિટી જળવાઈ રહે તે માટે અલગ-અલગ કેટરર્સને ફૂડ પેકેટના લિમિટેડ ઓર્ડર આપવામાં આવ્યા છે.

બંદોબસ્તમાં તૈનાત રહેનાર પોલીસ માટે જે ફૂડ પેકેટનું મેનુ તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં (૧)મીની ઉંધીયુ, મગ મસાલા, શુદ્ધ ઘીની જલેબી, ગુજરાતી દાળ, ભાત, પુરી, પાપડ અને ગ્રીન સલાડનો સમાવેશ થાય છે. એક દિવસે ઉપરોક્ત મેનુ હશે તો બીજા દિવસે મેનુ બદલાઈ જશે. (૨) પનીર બટર મસાલા, ટીંડોળા, શુદ્ધ ઘીનો સોજીનો શીરો, જીરા રાઈસ, દાલ ફ્રાય, તવા રોટી, મિક્સ કચુંબર (૩) ફ્લાવર વટાણા મિક્સ શાક, ચણા મસાલા, લાડુ, જીરા રાઈસ, દાલ તડકા, રોટલી અને ગ્રીન સલાડ (૪) રીંગણનો ઓળો, સૂકી ભાજી, મસાલા ખિચડી, રજવાડી કઢી, ગાજરનો હલવો, પરોઠા અને રમકડા (૫) પનીર કઢાઈ, ભીંડી મસાલા, જીરા રાઈસ, દાલ ફ્રાય, સુખડી, રોટલી અને અથાણું (૬) છોલે મસાલા, ફ્લાવર વટાણા ગાજર સબ્જી, ભાત, ગુજરાતી દાળ, પુરી, ગુલાબ જાંબુ અને મિક્સ સલાડ મરચા-પાપડ. આ પ્રકારે અલગ અલગ છ પ્રકારના ફૂડ પેકેટના મેનુ તૈયાર કરવામાં આવ્યા છે. આ તમામ ફુડ પેકેટમાં પેપર નેપકીન, મુખવાસ તથા ૫૦૦ મિલી પાણીની બોટલનો પણ સમાવેશ કરવામાં આવનાર છે. બંદોબસ્તના સમય મુજબ ફૂડ પેકેટની ડિલિવરી કરવામાં આવશે. ઉપરોક્ત સંભવિત મેનુ પૈકી દરરોજ તબક્કાવાર મેનુ પસંદ કરીને બંદોબસ્તમાં તૈનાત પોલીસને ડીલીશિયસ ફૂડપેકેટ મળી રહે તેવું આયોજન પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવી છે. એટલું જ નહીં ફુડ પેકેટની ગુણવત્તામાં કોઈ આંગળી ચીંધી ન જાય તેનું પણ વિશેષ ધ્યાન રાખીને અલગ અલગ કેટરર્સને આ ફૂડ પેકેટ ના ઓર્ડર આપવામાં આવનાર છે.

# ગોદડીયા હનુમાનજી મહારાજના પાંચમા પાટોત્સવની ઉજવણી

‘સુંદરધામ’ શ્રી કષ્ટભંજન ગોદડિયા હનુમાનજી મહારાજના પાંચમા પાટોત્સવની ઉજવણી નિમિત્તે શ્રી ભારતીબાપુની વ્યાસપીઠે ભવ્ય ‘સુંદરકાંડ પાઠ’નું આયોજન કરવામાં આવ્યું છે. પાટોત્સવમાં પધારનાર દરેક ભકતો માટે સુંદરધામ પરિવાર તરફથી મહાપ્રસાદનું તેમજ ભજન મંડળો-ગરબા મંડળો અને મહાનુભાવોનું હનુમાનજીની છબી દ્વારા સન્માન કરવામાં આવશે. સાથે સાધુ સંતો અને મહંતોના આર્શીવાદ મેળવવાનો અનેરો લાભ મળશે તો સૌ હનુમાન ભકતોને સુંદરકાંડ પાઠ અને કથા પ્રેમીઓને સહ પરીવાર પધારવા સુંદરધામના ભારતીબાપુ દ્વારા જણાવાયું છે.




કેન્સરની મહાવ્યાધિનો વ્યાપ દિવસે દિવસે વધી રહ્યો છે જેને નાથવા જન જાગૃતિ ખૂબ જરુરી છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા બોરિજ ખાતે મહિલાઓ માટે કેન્સર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામની મહિલાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# આદરજ મોટી ગામમાં જુગારના અડ્ડા પર દરોડો

## પેથાપુર પોલીસે રૂ.૧૨૫૦ના રોકડ મુદ્દામાલ સાથે ચાર શખ્સોની ધરપકડ કરી

ગાંધીનગર, તા.૧૬

પેથાપુર નજીક આવેલા આદરજ મોટી ગામમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પેથાપુર પોલીસે ગઈકાલે દરોડો પાડીને ચાર જુગારીઓને પકડી પાડયા હતા. આદરજ મોટી ગામમાં આવેલા ચામુંડા પરા વિસ્તારમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હતો. પેથાપુર પોલીસે દરોડો પાડીને ચારેય જુગારીઓની ધરપકડ કરીને તેમની પાસેથી રોકડ રૂ.૧૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ. જી. એનુરકાર તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે, આદરજ મોટી ખાતે આવેલા ચામુંડા પરામાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યાં છે. આ બાતમીના આધારે પેથાપુર પોલીસે દરોડો પાડીને જુગાર રમી રહેલા ચાર શકુનિઓને રંગેહાથ ઝડપી પાડયા હતા. જેમાં આદરજ મોટી ગામના જેઠા ખાંટના વાસમાં રહેતા ભરત લલાજી ઠાકોર તથા દશરથ બાબુજી ઠાકોર, ચાંમુડાપરામાં રહેતા વિનોદ કાનાજી ઠાકોર અને માધા ખાંટના વાસમાં રહેતા જગદીશ સાંકાજી ઠાકોર મળીને ચાર શકુનિઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ચારેય શખ્સો પાસેથી રોકડ રૂ.૧૨૫૦ નો મુદ્દામાલ જપ્ત કરીને તમામ વિરૂદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજના વિમન ડેવલમેન્ટ સેલ દ્વારા મહિલા સુરક્ષા વિષયે કાનુની માર્ગદર્શન વર્કશોપ યોજાયો હતો. જેમાં અંદાજે અઢીસોથી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મહિલા અગ્રણી કાનુન વિદ હેતવી સંચેતી તથા રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ અધિક્ષક ડૉ. શ્રુતિ મહેતા ઉપસ્થિત રહ્યા હતા અને વિષયને અનુરૂપ વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું.

# અંધશ્રધ્ધા નિવારણ કાયદા અંગે વિજ્ઞાન જાથાની રજુઆત

ગાંધીનગર, તા.૧૬

સમગ્ર દેશમાં અંધશ્રધ્ધા નિવારણ કાયદાની ખાસ જરૂરીયાત છે. ૨૧મી સદીમાં પણ લોકમાનસનો વૈજ્ઞાનિક મિજાજ કેળવાને બદલે લોકો વધુ અંધશ્રધ્ધા તરફ મન ઝુકાવે છે. જે લોકશાહીના સ્વાસ્થ્ય માટે ચિંતાજનક છે. ભારત જન વિજ્ઞાન જાથા એ કાનૂન માટે ખરડો તૈયાર કરવા આવેદનપત્ર પાઠવી રજુઆત કરેલ છે.

છેલ્લા કેટલાય સમયમાં રાજયમાં તેમજ દેશમાં સામુહિક આત્મહત્યાના બનવો વધતા જાય છે. નાણાં ઠગાઈના કિસ્સા વધતા જાય છે. પરિણામે પ્રજા મુર્ખ બને છે. અંધશ્રધ્ધામાં નાના બાળકોને ડામની સારવાર, ભૂતપ્રેત ભગાડવાની તાંત્રિક વિધિ, પ્રેમ, કોર્ટકેસ, મકાન જમીનની સમસ્યા માટેના વશીકરણ, પશુબલી, નરબલી, સ્ત્રીને ડાકણ માનવી, ભવિષ્ય કથન આર્શીવાદથી સંતાન પ્રાપ્તિ વગેરે અંધશ્રધ્ધા નાબૂદ કરવા માટે અંધશ્રધ્ધા નિવારણ કાયદાની તાકિદે જરૂરિયાત છે તેમ વિજ્ઞાનજાથાના જયંતભાઈ પંડયાએ જણાવેલ છે.

# સિવિલના લેબર વોર્ડમાં ૬,૪૭૯ સગર્ભાઓની ડિલિવરી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

પાટનગરમાં મેડીકલ કોલેજ નિર્માણ પામ્યા પછી સિવિલ હોસ્પિટલમાં વિવિધ ડોક્ટર્સની સંખ્યામાં તોંતિગ વધારો ઝીકી દેવાયો છે. સિવિલમાં તાવથી માંડીને ડાયાલીસીસ સુધીની સારવાર કરવામાં આવે છે. ત્યારે વર્ષ ૨૦૧૮ ના આંકડા પર નજર કરીએ તો સિવિલમાં બાર માસ દરમિયાન આઠ લાખ દર્દીઓને સારવાર આપવામાં આવી છે. પરંતુ સારવાર દરમિયાન દર્દીની સ્થિતિ અતિગંભીર હોવાના કિસ્સામાં તેમજ દર્દીને સિવિલમાં લાવતા વધુ મોડું થઈ જવાના બનાવોમાં દર્દીના મોત પણ થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ સિવિલ હોસપિટલમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારની સગર્ભા બહેનો વધુ માત્રામાં ડિલીવરી માટે આવે છે. જેમાં સૌથી વધુ સગર્ભા મહિલાઓ ગ્રામ્ય વિસ્તારની હોય છે. જયારે સિવિલમાં છેલ્લા એક વર્ષમાં ૧૦૬૯ દર્દીઓના મૃત્યુ થયા છે. જેમાં સૌથી વધુ જાન્યુઆરીમાં ૧૦૨ અને માર્ચમાં ૧૦૬ થયા છે. જયારે સપ્ટેમ્બરમાં ૯૭ અને ઓકટોબરમાં ૯૬ દર્દીના મોત થવા પામ્યા છે તો બીજી બાજુ સિવિલના લેબર વોર્ડમાં ૬,૪૭૯ સગર્ભાઓની ડિલિવરી કરવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૩૪૮૧ નોર્મલ ડિલીવરી કરવામાં આવી છે તો બીજીતરફ ૨૬૩૮ સીઝરીયન કરવામાં આવ્યા હતા. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૮માં સૌથી વધુ બાળકોનો જન્મ થયો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગાંધીનગર જિલ્લા અને આસપાસના વિસ્તારના દર્દીઓ સૌથી વધુ માત્રામાં આવે છે. ત્યારે સિવિલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં પણ વધારો કરવામાં આવતા દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. ત્યારે જિલ્લાના દર્દીઓ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આશિર્વાદરુપ સાબિત થવા પામી છે.

# મહર્ષિ અત્રિ તપોવન શાળાનો રંગારંગ વાર્ષિકોત્સવ ઉજવાયો





ગાંધીનગર, તા.૧૬

‘વિદ્યાર્થીઓમાં રહેલી શકિતઓને સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક જેવા વિવિધ આયામો થકી દૈદિપ્યમાન બનાવી શકાય છે.’ આ શબ્દો ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીએ મહર્ષિ અત્રિ તપોવન શાળાના વાર્ષિકોત્સવ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કરતા કહ્યા હતા. આ પ્રસંગે તેમણે મહર્ષિ અત્રિ તપોવન જેવી સંસ્થા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પ્રતિ નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરી રહી હોવાનું વાર્ષિકોત્સવ નિહાળતા થાય છે તેવું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે મહર્ષિ અત્રિ તપોવન શાળાના રંગારંગ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ અનેકવિધ પ્રકારની કૃતિઓ રજુ કરી હતી તથા આ કાર્યક્રમમાં શાળા દ્વારા વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માન્યા હતા.

પીંપળજના શ્રી સરસ્વતી સાધના એજયુકેશન ચેરિટેબલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત મહર્ષિ અત્રિ તપોવન શાળાના ટાઉનહોલ ખાતે યોજાયેલ વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિની વિરાસતને પ્રસ્તુત કરતી કૃતિઓ રજુ કરાઈ હતી. જેમાં જુનિયર કેજીથી માંડીને માધ્યમિક કક્ષાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભે દેવ પટેલ અને ઋતુ પ્રજાપતિની ટીમે લાઈવ ગણપતિ વંદના કરી હતી. ત્યારબાદ કેજીના બાળકોએ ‘સ્કુલ ચલે હમ...’ ગીત પર નૃત્ય રજૂ કર્યું હતું. ક્રિશ્ના પટેલે રાજા હરિશ્ચંદ્ર નાટકનું મંચન કર્યું તો શાળાના ૮૦ જેટલાં બાળકોએ નર્મદના જય જય ગરવી ગુજરાત પર નૃત્ય રજુ કર્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા જેમાં આદર્શ વિદ્યાર્થી તરીકે ધ્રુવ ઠકકર અને આલોક પટેલ, આદર્શ વકતા તરીકે કૃણાલ કંડોરિયા અને રીટા કંડોરિયા, શ્રેષ્ઠ રમતવીર તરીકે પુર્ણાંશ પટેલ અને મનોરથ પટેલ, આદર્શ નેતૃત્વ માટે તજજ્ઞ પટેલ અને તીર્થ પટેલ, શ્લોકગાન માટે ઋદ્ર ખેર અને શ્રેય પટેલ જયારે જયારે સર્વાંગી વિકાસ માટે જય વિરમગામીનો સમાવેશ થાય છે. શાળાનો મમત્વ શિલ્ડ દત્ત પટેલ અને ધૃવિત પટેલને ફાળે ગયો હતો. કાર્યક્રમમાં ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી ઉપરાંત નિવૃત્ત સંયુકત સચિવ ઈ.પી. દેસાઈ, માધ્યમિક શિક્ષણ બોર્ડના નિવૃત્ત અધિકારી એ.કે. રાઠોડ તથા ઉમા આર્ટસ કોલેજના યોગીનીબેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળા સંચાલક ભરતભાઈ ઠુમર તથા આચાર્ય ભરતસિંહ રાઠોડે શાળાની પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી હતી જયારે વાર્ષિકોત્સવ માટે શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. રમીલાબેન હિરાભાઈ સોલંકી, ઉ.વ. ૪૧
- સ્વ. ઉમેશચંદ્ર ભાલચંદ્ર દવે, ઉ.વ. ૫૫
- સ્વ. હર્ષજીત હસમુખભાઈ પંડયા, ઉ.વ. ૩૦
- સ્વ. વાઘેલા અમરતબેન દેવુજી, ઉ.વ. ૫૮
- સ્વ. રબારી વરવાભાઈ લાલાભાઈ, ઉ.વ. ૭૦